## Shreeji Tāre Kājadee Me

શ્રીજી તારે કાજડી મેં, ત્યાગી લોક લાજડી,
Shreeji tāre kājadee me, tyāgee lok lājadee,
કંથ તું હમારે હરિ, જાઉં બલિહારડી...ટેક...
Kantha tu hamāre Hari, jau balihāradee...(chorus)

ઝગમગતી જ્યોત ભરી, મૂર્તિ શોભે છે,
Jhagamagtee jyot bharee, murti shobhe chhe,
જોતાં ટળે છે ભવ ભીતલડી...૧
Jotā tare chhe bhava bheetaladee...1

વક્ર ભ્રકુટિ ભાલે ચંદ્રતિલક છે;
Vakra bhrakuti bhāle chandratilak chhe;
કામણગારી છે એની આંખલડી...૨
Kāmangāree chhe eni ānkhaladee...2

મુખકમળમાં મંદ હાસ્ય ભરી છે,
Mukhakamarmā manda hāsya bharee chhe,
ભાવ ભરી ભેટું ભીડી છાતલડી...૩
Bhāv bharee bhetu bheedee chhātaladee...3

નાભી નીરખતાં મુક્ત બનાય છે,
Nābhee neerakhatā mukta banāy chhe,
જુઓ ચરણ કમળ કેરી રેખલડી...૪
Juo charana kamara keree rekhaladee...4

મૂર્તિમાં મુક્તો નિમગ્ન થયા છે,
Murtimā mukto nimagna thayā chhe,
તે સંગ રહેવાની પાડો ટેવલડી...૫
Te sanga rahevānee pādo tevaladee...5

સુખના દાતા નિત્ય નવાં સુખ દેજો,
Sukhanā dātā nitya navā sukha dejo,
દાસાનુદાસ માગે ભીખલડી...૬
Dāsānudās māgo bheekhaladee...6

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com